પાલનપુર નજીક ચંડીસરના કોટડા ગામમાં ધમધમતા હાઈપ્રોફાઈલ જુગારધામમાં રેડ

૪૨ લાખથી વધુના મુદ્દાલ સાથે ૨૩ ઝડપાયા, ૪ ફરાર : ગાંધીનગરના સી.આઈ.ડી. ક્રાઈમની ટીમની રેડથી દોડધામ

પાલનપુર, તા. ૧૯

પાલનપુર ડીસા હાઈવે પર ચંડીસર નજીક આવેલ કોટડા ગામની સીમમાં આંબાવાડીયામાં લાંબા સમયથી હાઈ પ્રોફાઈલ ફાર્મ હાઉસમાં જુગાર ધામ ચાલતુ હતું. જિલ્લા પોલીસ - સ્થાનિક પોલીસની રહેમનજરથી નિવૃત્ત પોલીસ અધિકારીના પુત્રો અને તેનો પાર્ટનર આ ક્લબના કર્તાહર્તાઓને ત્યાં શુક્રવારે મોડી સાંજે ગુપ્ત બાતમીના આધારે ગાંધીનગર સી.આઈ.ડી. ક્રાઈમના સી.આઈ.સેલના મહિલા ડી.વાય.એસ.પી. કોમલ વ્યાસની ટીમે આ જુગારધામને ચારેબાજુથી કોર્ડન કરી દરોડો પાડતા ઉચ્ચ ઘરના જુગારીઓ કુલ ૨૩ જણાંને જુગાર સાહિત્ય અને મોંઘીદાટ કારો, રોકડ સાથે રંગેહાથ ઝડપી લીધા હતા.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

આ રેડના સમાચારથી બનાસકાંઠા પોલીસ એસ.પી. અશોક યાદવે તાબડતોબ એલ.સી.બી. ગઢ પોલીસને ઘટના સ્થળે રવાના કરી ગાંધીનગર પોલીસ ટીમે પાડેલ રેડમાં હેલ્પ કરવા રવાના કર્યા હતા.

ચાર થી પાંચ કલાક કરતા વધુ સમય સુધી આ પોલીસની રેડ ચાલી હતી. સમગ્ર વિસ્તારમાં ચારે બાજુ તપાસ કરી ટીમે રૂ. ૪,૧૭,૬૮૦ રોકડ, ૯ કારો, ૭ બાઈક, ૨૮ મોબાઈલ ફોન સાથે કુલ ૨૭ જણા સામે ગઢ પોલીસ સ્ટેશને ડી. બી. કોળી ડીટેક્ટીવ સી.આઈ.ડી. ક્રાઈમ પોલીસ ઈન્સ્પેક્ટર (ગાંધીનગર)ની રેડનો ગુનો દાખલ કરાવી ફરિયાદ આપી મુદ્દામાલ અને આરોપીઓને ગઢ પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર. આર. દેસાઈને સુપ્રત કર્યા હતા.

જુગાર રમતાં ઝડપાયેલા નબીરાઓમાં મહેશ કરશનભાઈ સોની (રહે. ૮, ગોકુલધામ, મહેસાણા) (૨) મોહસીન મોહંમદ બલોચ (રહે. ગુલશનનગર, પાટણ), (૩) સાજીદ યાસીનખાન નાગોરી (ખોડાલીમડા, પાલનપુર), (૪) જયસુખ હરગોવન ઠક્કર (ભીલડી), (૫) ખેમાજી કલાજી પરમાર (રહે. શિયા, ધાનેરા), (૬) અનિલ બાબુલાલ પટેલ (ડીસા), (૭) રણજીત માવજીભાઈ ઠક્કર (પાલનપુર), (૮) નરેશ મદનલાલ મહેશ્વરી (રહે. ભીલડી), (૯) ફાલ્ગુન સોમદાસ રાજગોર (રહે. ધાનેરા), (૧૦) મોઘજી રઘનાથ ચૌધરી (એદ્રાણા) (૧૧) સરદારજી સુરાજી ઠાકોર (ડીસા), (૧૨) દશરથ કાન્તિભાઈ રાણા (પાટણ), (૧૩) ઈમરાન હમીદખાન નાગોરી (પાલનપુર), (૧૪) સુરેશ ભીખાભાઈ કુંભાર (બોટાદ), (૧૫) ભૂપેન્દ્ર અમૃતલાલ ઠક્કર (ભીલડી) (૧૬) જવાનસિંગ શિવસીંગ વાઘેલા (ભડથ), (૧૭) પથુ રવાભાઈ વજીર (રહે. થરાદ), (૧૮) નજીરખાન મહંમદખાન સિપાઈ (થરાદ), (૧૯) કનૈયા ત્રિભોવન ઠક્કર (ભીલડી), (૨૦) અમૃત બાબુભાઈ રાવળ (કરનાળા) (૨૧) ગીરીશ રાધાકીશન વારડી (રહે. મહેસાણા), (૨૨) નંદલાલ ખુશીરામ બીજવાણી (ડીસા), (૨૩) રાજેશ નટવરલાલ મોદી (પાટણ)ની જુગાર રમતા રંગેહાથ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જ્યારે આ ક્લબના સંચાલકો માલિક હસમુખલાલ લચ્છુમલ રંગવાણી ઉર્ફે સાંઈ (રહે. ડીસા) (૨) ભુરો ઉર્ફે કાબરો (રહે. ચંડીસર), (૩) વિજય પરથીભાઈ છાપીયા (રહે. ચંડીસર) અને (૪) દેવેન્દ્ર ઉર્ફે દેવુ પરથીભાઈ છાપીયા નાસી છુટતા તમામને ઝડપી લેવા સ્થાનિક પોલીસ, ગઢ પોલીસે તપાસ આદરી આ જુગારધામમાં રમતા અને સંચાલકો સામે કામગીરી હાથ ધરી છે.

આ જુગાર ધામમાં એરકુલરવાળા ટેન્ટ, ખાવા-પીવા, ન્હાવા-ધોવા, સૂવા સહિત તમામ સુખ સુવિધાઓ ખેલીઓને અપાતી હતી. આ જુગાર ધામ જિલ્લા પોલીસ, એલ.સી.બી., એસ.ઓ.જી. અને ગઢ પોલીસ સહિતને દર માસે લાખો રૂપિયાનો હપ્તો નિયમિત અપાતો હોવાની ચર્ચાએ સમગ્ર પંથકમાં ભારે જોર પકડ્યું છે. હાલમાં લોકસભાની ચૂંટણી દરમિયાન આ દરોડો રાજકીય હોવાના આક્ષેપો પણ રાજકીય વર્તુળોમાં થઈ રહ્યા છે.

વડીલોને વંદન અભિનંદન



કૃષ્ણકાન્ત કાંતિલાલ પંચોલી
(૧૯૩૪) ફોન: ૨૩૨૬૧૮૧૧



ભાનુપ્રસાદ પી. ભટ્ટ
(૧૯૪૭) મો.૯૮૨૫૧૮૪૩૨૬

ગુજરાતમાં વધુ બેઠક કબજે કરવા ભાજપ નેતા સજ્જ છે

પ્રદેશ પ્રભારી ઓમ માથુર જામનગર, જુનાગઢ, વલસાડ અને વડોદરામાં જશે:શ્રેણીબદ્ધ સભાઓનું આયોજન થયું

ભાજપપ્રદેશ મીડીયા સેલની એક અખબારી યાદી જણાવે છે કે, ભાજપના પ્રદેશ આગેવાનો લોકસભા ૨૦૧૪ના મિશન ૨૬ સંકલ્પને સાકાર કરવા વિવિદ સંસદીય ક્ષેત્રોમાં જઈ ભાજપના ઉમેદવારો માટે ચૂંટણી પ્રચાર કરશે અને વિવિધ જગ્યાએ લોકસંપર્ક અને જાહેરસભાઓને સંબોધનાર છે. ઠેર ઠેર કોંગ્રેસના કુશાસનને ઉખાડી ફેકવા અને દેશમાં આતંકવાદ અને નકસલવાદની સમસ્યાઓને જડમુળમાંથી નશ્યત કરવા ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને પીએમ બનાવવા આહવાન કરશે.

ગુજરાત ભાજપના પ્રભારી ઓમજી માથુર તથા પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા સવારે જામનગર, બપોરે જુનાગઢમાં ઉના ખાતે, સાંજના વલસાડ તથા વડોદરા લોકસભા ક્ષેત્રમાં મુખ્ય કાર્યકર્તાઓ સાથે બેઠકો યોજાશે. ભાજપના પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુજી પોરબંદર લોકસભા ક્ષેત્રમાં ઉપલેટા ખાતે ચૂંટણી કાર્યાલયનું ઉદઘાટન કરશે તથા કાર્યકર્તા સંમેલન અને જાહેર સભાને સંબોધન. ભાજપા ચૂંટણી કેમ્પેઈન કમિટીના ચેરમેન પરસોત્તમ રૂપાલા આણંદ લોકસભા ક્ષેત્રના સોજીત્રા, વિદ્યાનગર અને ખંભાત ખાતે જાહેર સભાને સંબોધશે. આઈ.કે. જાડેજા સુરેન્દ્રનગર લોકસભા ક્ષેત્રના વિસ્તારોમાં, લીલાધરભાઈ વાઘેલા બનાસકાંઠા લોકસભા ક્ષેત્રમાં, મહેશ અને નરેશ કનોડીયા કચ્છ લોકસભા ક્ષેત્રના રાપર, આદિપુર, ગાંધીધામ ખાતે રોડ શો અને ગંગોદર ખાતે જાહેર સભાને સંબોધશે. વિધાનસભાના ઉપાધ્યક્ષ મંગુભાઈ પટેલ બનાસકાંઠા લોકસભા ક્ષેત્રના દાંતા, વિરમપુર અને અમીરગઢ વિસ્તારોમાં, નરહરી અમીન ભાવનગર લોકસભા ક્ષેત્રના ગઢડા સહિત છ વિસ્તારોમાં, બાબુભાઈ દેસાઈ પાટણ લોકસભા ક્ષેત્રમાં, હીરાભાઈ સોલંકી જુનાગઢ લોકસભા ક્ષેત્રમાં તલાલા ખાતે, નટુભાઈ ઠાકોર ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં, પરથીભાઈ ભટોળ મહેસાણા લોકસભા ક્ષેત્રમાં, રાજ્યના સામાજીક ન્યાય અને અધિકારીતાના મંત્રી રમણલાલ વોરા કચ્છ લોકસભા ક્ષેત્રના નખત્રાણા ખાતે ચૂંટણી કાર્યાલયનું ઉદઘાટન કરશે અને કાર્યકર્તા સંમેલનને સંબોધશે. રાજ્ય પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ પ્રદિપસિંહ વાઘેલા અને ફિલ્મ અભિનેતા નિરજ વોરા અમદાવાદ પશ્ચિમ લોકસભા ક્ષેત્રના મણીનગર ખાતે અને ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાબરમતી ખાતે જાહેરસભાને સંબોધશે.

મહિલાનો પીછો કરીને કલોલની શોર શરાબા હોટલના માલિકે કરી છેડતી

છત્રાલથી બિલેશ્વરપુરા ક્રોસ રોડ પર બનેલી ઘટના : મારામારીની ક્રોસ ફરિયાદ

કલોલ, તા. ૧૯

ગાંધીનગર જીલ્લાના કલોલ વિસ્તારમાં આવેલી શોર શરાબા હોટેલ ના માલિક દેવેન્દ્ર ચતુર્વેદી સામે ૪૨ વર્ષની મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે.છેલ્લા ૨૦ દિવસ થી ગાડીમાં મહિલા નો પીછો કરતા આ હોટેલ માલિકે ગઈ સાંજે બીલેશ્વરપુરા ક્રોસરોડ પર મહિલાની છેડતી કરી હોવાની પોલીસ ફરિયાદ નોંધવા પામી છે. હોટેલ માલિકે ત્રણ શખ્સો સામે મારામારી ની ક્રોસ ફરિયાદ પણ નોંધાવી છે.જેને આધારે કલોલ પોલીસે ગુનો દાખલ કરીને તટસ્થ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ કલોલ તાલુકા પોલીસ મથકે કલોલ પાસેના જ એક ગામ માં રહેતી ૪૨ વર્ષ ની મહિલા એ ફરિયાદ નોંધાવી છે કે કલોલ પાસે આવેલી શોર શરાબા હોટેલનો માલિક દેવેન્દ્ર જીતેન્દ્રનાથ ચતુર્વેદી ગાડી લઈને છેલ્લા ૨૦ દિવસથી તેણીનો પીછો કરતો હતો અને ગઈ કાલે સાંજના અરસા માં છત્રાલ થી બીલેશ્વરપુરા ક્રોસરોડ પર મહિલા સાથે છેડતી કરી જાતિ વિરુદ્ધ અપમાનજનક શબ્દો ઉચ્ચાર્યા હતા.આ મામલે મહિલા એ કલોલ તાલુકા પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે છેડતી અને એટ્રોસિટી નો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.તો બીજી તરફ દેવન્દ્ર ચતુર્વેદી એ ત્રણ શખ્સો સામે મારામારીની ફરિયાદ આપી છે. ઝપાઝપી દરમ્યાન હોટેલ માલિકની હીરા જડિત સોનાની કિંમતી વીટી પણ પડી ગઈ હતી.કલોલ પોલીસે ક્રોસ ફરિયાદ નોંધીને તપાસ શરુ કરી છે.

શબ્દાવલી - ૫૩૭૨

૧	૨		૩	■	૪		૫
■		■	૬			■	
૭		૮		■		■	
૯			■	૧૦		૧૧	
	■	૧૨	૧૩		■		■
૧૪	૧૫	■		■	૧૬		૧૭
■	૧૮	૧૯		૧૦	■	■	■
૨૧			■	૨૨			

આડી ચાવી

૧. એક જાતનો અઘોરી બાવો (૪)
૪. મા-બાપ વિનાનું (૩)
૬. જમીનની અંદરનું, દટાયેલું (૩)
૭. ચીરી કે ફાડી નાખે તેવું, હૃદય... ચીસ (૪)
૯. રસ વિનાનું, કસ વગરનું(૩)
૧૦. મશહુર, માનવંત, શ્રીમાન (૪)
૧૨. અવતાર, ભગવાન (૩)
૧૪. તાકાત, ગુંજાશ (૨)
૧૬. તીર, બાણ (૩)
૧૮. લખવાનું કામ, કરવું તે(૪)
૨૧. જાદુ, અસર કરવી (૩)
૨૨. નાજુકાઇ, સુકુમારતા (૪)

ઊભી ચાવી

૨. પાણી જેવું પારદર્શી (૪)
૩. સખત, સ્ટ્રીક (૩)
૪. નોટ આઉટ, આઉઠ થયા વગરનો (૪)
૫. થડક થડક થતો અવાજ(૪)
૭. ઉપયોગ, પ્રયોગ (૪)
૮. રીત, પ્રણાલી (૩)
૧૦. થોડીવાર હા થોડીવાર ના કહેવુ (૨)
૧૧. એક ઘરેણું, તાત (૩)
૧૩. દવાનું પ્રવાહી સ્વરૂપ (૩)
૧૫. કેર, સિતમ, ત્રાસ (૩)
૧૭. ખેલ (૩)
૧૯. ઢોરને ખાવાનું અનાજ કે ગોતુ (૨)
૨૦. એક ધાતુ, કલાઇ (૨)

શબ્દાવલી ૫૩૭૧ના જવાબ

આડી ચાવી :- (૧) નકાબ (૪) ખાદીધારી (૫) ફળફળાદી (૬) રજા (૭) મરજાદ (૧૧) તળપદ (૧૪) ઢીસુમ (૧૫) રળવુ (૧૬) શક (૧૭) ફરશુ (૨૦) ડગરા (૨૧) પાણાદ્વારા (૨૨) મરઘટ

ઊભી ચાવી :- (૧) નફરત (૨) કાળજાળ (૩) બફ (૪) ખાદીમ (૮) રઢી (૯) જાસુસ (૧૦) દમકદ્વાર (૧૨) પરશુરામ (૧૩) દળ (૧૭) ફળદુ (૧૮) રગ (૧૯) વણાટ (૨૧) પાધ

ટાઈમ ટેબલ આધારિત જીવન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે કે ખુશપ્રધાન તે નક્કી કરી લેવુ જોઈએ. તમને જે મળે તે કઈ દષ્ટિથી જુઓ છો તેના પરથી તમારી સ્થિતિ નક્કી થાય છે. ઓવર બર્ડન રહી શકો પણ હળવાફુલ તો રહી જ શકાય આ બાબત તમારા પર આધારિત છે. જીવનમાં નસીબનો કોથળો ખાલી કરી અનુભવનો ભરવા જાવ તે મુખ્ય બાબત બની રહે છે. આજે એ સ્કૂલ ઓફ થોટ જોવા મળે છે. બાળકને જે કરવુ હોય તે કરવા દો અને બીજુ તેમને ગાઈડ કરો - બાળકના વાઈબ્રેશનમાંથી જ બધુ સુખ પ્રાપ્ત થાય છે. આ સઘળી સ્થિતિમાં આપણી અંદર જે પડ્યું છે તેનો મોટો અંતર છે. આપણા મનમાં પણ પ્લાનીંગ, લોજીક, પ્રેરણા અને ફન તેમ ચાર બોક્ષ છે. કહ્યું બોક્ષ ઓપરેટ કરો છો તેના પર ખુશીનો આધાર હોય છે. કન્ડીશનમાં બધુ જ શિડ્યુલબદ્ધ જીવવાની આવી મજાને મારી નાંખે છે. પતિ-પત્ની છૂટાછેડા આપે ત્યારબાદ પણ કોફી હાઉસમાં હળવી વાતો કરી શકે. વિપરિત પરિસ્થિતિમાં પણ જીવન માણવા જેવુ જ હોવુ જોઈએ.

ઈલેક્શન લાઈવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થાનિક પ્રશ્નો અંગે સમીરનું માનવુ છે કે ગાંધીનગરમાં રેલવેની ફિકવન્સી વધારવાની ખાસ જરૂર છે. તેમની આ વાત સાથે તેમના મિત્ર દિપક ઉપાધ્યાય સંમત થતા કહે છે ગાંધીનગરમાં હજુ પણ ઈન્ડસ્ટ્રી ઓલાઈઝેશનની જરૂર છે જેથી નગરના યુવા વર્ગને રોજગારીની તકો વધે. તેમના મતે રોજગારીના અભાવે યુવાધન ગેરમાર્ગે દોરાઈ રહ્યું છે. યુવાનો દિશા શૂન્ય બની ગયા છે. શહેરમાં ધંધારોજગારની પણ ખૂબજ ખેંચ છે. આ ઉપરાંત શિક્ષણ ક્ષેત્રે પણ સુધારાની તાતી જરૂરિયાત છે. સે. ૪માં રહેતા દિપકે પણ પક્ષની વિચારધારાને આધારે પોતાનો મત આપવાનુ પસંદ કરશે તેવુ જણાવતા તેઓ નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદે જોવાનુ પસંદ કરે છે તેમ જણાવ્યું હતું. દિપકના મતે મોંઘવારી ઘટાડવા કોમોડીટી એકચેન્જ પર વિદેશી રોકાણકારો એફ ડીઆઈ પર પ્રતિબંધ મુકવાની જરૂર છે.

સે. ૨-સીમાં રહેતા વધુ એક યુવા મતદાર અસિત ગોસ્વામીને ભારતીય જનતા પાર્ટી કરતા પણ વધારે નરેન્દ્ર મોદીની વિચારધારા પસંદ છે. તેમના મતે આયાતી ઉમેદવાર યોગ્ય નથી પરંતુ મોદીને વડાપ્રધાન બનાવવા આયાતી ઉમેદવારને પણ મત આપશે. તેઓ કબુલ કરે છે કે ઉમેદવાર જો સ્થાનિક હોય તો નાગરિકો રજુઆત કરવા સરળતાથી જઈ શકે અને ઉમેદવાર તેમના પ્રશ્નોને સહેલાઈથી સમજી પણ શકે. અસિતના મતે દેશમાં ટ્રાફિક અને પાર્કિંગ પ્રત્યેની એવરનેસ જગાડવાની જરૂર છે અને તે અંગે કડક કાયદા ઘડવાના તેઓ હિમાયતી છે. ભ્રષ્ટાચાર અને કાળુ નાણુ આ ચૂંટણીના સૌથી મહત્વના મુદ્દા હોવાનું માને છે. અસિત ગોસ્વામીને નરેન્દ્ર મોદીનુ વિઝન યુવા અભિગમથી ભરપુર લાગે છે. તેમના મતે મોદી યુવાનોને સારી રીતે સમજી શકે છે.

મિશન ૨૬ માટે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ વખતની ચૂંટણી ભાજપ દ્વારા મોદીના નામે લડવામાં આવી રહી છે. ભાજપ મિશન ૨૬ સાથે રાજ્યની તમામ ૨૬ લોકસભાની બેઠક કબજે કરવાની યોજના ધરાવે છે. પરંતુ હજુ સુધી મોદી ગુજરાતમાં પ્રચારમાં ઉતર્યા નથી. ભાજપના પ્રદેશ કક્ષાના નેતાઓ અને સરકારના મંત્રીઓ પ્રચારમાં લાગેલા છે. પરિસ્થિતિનો લાભ ઉઠાવવા કોંગ્રેસ દ્વારા પણ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. નરેન્દ્ર મોદી ઝંઝાવતી પ્રચાર કરનાર છે તેવા અહેવાલ આવ્યા બાદ પક્ષના કાર્યકરોમાં હવે નવો ઉત્સાહ દેખાઈ રહ્યો છે. મિશન ૨૬ને લઈને હજુ પણ રાજકીય પંડિતોમાં શંકા છે. કેટલાક લોકો માની રહ્યા છે કે, ભાજપ લોકસભાની તમામ ૨૬ બેઠક જીતી શકશે નહીં. કોંગ્રેસ કેટલીક બેઠકો જીતી જવામાં સફળ રહેશે પરંતુ ભાજપના નેતાઓ છેલ્લા ઘણા સમયથી મિશન ૨૬ પાર પાડવા તૈયારીમાં છે. રાહુલ અને સોનિયા ગાંધીની અસરને ઘટાડવાના પ્રયાસ પણ કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ પણ ગુજરાતમાં પ્રચાર કરવા માટે કમરકસી ચુકયા છે.

પોતાના ઘરની કૃષ્ણ છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખપાવી તેને 'બેટા જરા શાંતિ રાખ' તેવું કહેવું પડે છે. તેમણે સ્ત્રીઓ પાસે બુદ્ધિ છે સાથે કુનેહ પણ છે પણ તેનો ઉપયોગ કુટુંબમાં ક્લેશ ઘટાડવા માટે થવો જોઈએ તેવુ જણાવ્યુ હતુ. તેમના મતે જીવનમાં આપણે શું છીએ તેના કરતા આપણે શું કરી રહ્યા છીએ તે વધુ અગત્યનું છે.

'દરેક સ્ત્રી પોતાના ઘરની કૃષ્ણ છે અને કૃષ્ણનો અર્થ થાય છે કેન્દ્ર' કહેતા તેમણે સ્ત્રી પર કૃષ્ણની જેમ સારથી બની ઘરના રથને ચલાવવાની જવાબદારી હોવાનું કહ્યું હતું. સ્ત્રી પાસે જન્મજાત રીતે જ આપવાનો ગણ રહેલો છે. અને તમે સન્માન આપશો તો સન્માન મળશે, સ્નેહ આપશો તો સ્નેહ મળશે અને વ્હાલ આપશો તો વ્હાલ મળશે જ. મહિલાઓએ પૂછેલ પ્રશ્નોતરી દરમ્યાન સ્ત્રીને અત્યારના જમાનામાં પણ અબળા જ સમજવામાં આવે છે તેવા સવાલનો બીજી જ ઘડીએ ફટાક દઈને જવાબ વાળ્યો હતો કે 'જે સ્ત્રીને અબળા સમજે છે તેનાથી નબળા કોઈ નથી.' તેમણે માર્મિક રીતે મહિલાઓને સલાહ આપી હતી કે જેને સાજા થવુ હોય તેણે જ દવા ખાવી પડે માટે તમારે સુખી થવુ હોય તો પ્રયત્ન પણ તમારે જ કરવો પડશે. સ્ત્રીઓને પાવરનું એપિસેન્ટર ગણાવતા તેમણે ગાંધીજી જેટલો પાવર આજ સુધી જગતમાં કોઈએ મેળવ્યો નથી પણ તેનો દેખાડો કરવા કરતા તેનો સકારાત્મક ઉપયોગ કરી જાણો છે તે મહત્વનું હોવાનું જણાવ્યું હતું.

બપોરના સેશનમાં રેડિયો મિર્ચીના ઘર ઘરમાં લોકપ્રિય આરજે ધ્વનિતે મહિલાઓને સંબોધ્યા હતા. ધ્વનિતે મહિલાઓને ખૂબજ સલુકાઈથી અને તેમની રેડિયો પરની આત્મીયતા સાથે વાત કરવાની પ્રણાલી મુજબ સંબોધતા તમામ યુવતીઓ ગેલમાં આવી ગઈ હતી. ધ્વનિતના મતે આજના જમાનામાં પૈસો અને સંપત્તિ જ સફળતાના માપદંડ બની ગયા છે. પરંતુ મહિલાઓને તેમણે નાની નાની ચીજો અને પ્રવૃત્તિઓમાં પણ ખુશી શોધવા અનુરોધ કર્યો હતો. તેમણે જીવનમાં પોતાની જરૂરિયાતોને સમજી તેને પ્રાયોરીટી આપવી તેમજ તેમની વચ્ચે બેલેન્સ જાળવવું જરૂરી હોવાનું કહ્યું હતું. આ સાથે તેમણે મહિલાઓને એક પણ નાનામાં નાની રૂચિને ક્યારેય છોડવી નહિ, જેટલું નવુ જાણવાનો પ્રયત્ન કરતા રહેશો તેટલુ જ તમને તમારા અંદરથી મળી આવશે જે તમારામાં પહેલાથી ધરબાયેલુ જ છે તેવી વાત કરી હતી. મહિલાઓને મિત્રો વધારે હોવા જોઈએ તેવી ભલામણ કરતા કુદરતે આપણી અંદર જ એક લય મુકેલ છે જેની સાથે સાયુજ્ય કેળવાય ત્યારે અનેરો આનંદ મળે છે.

ધ્વનિતને જોઈ અને રૂબરૂ સાંભળતા રોમાંચિત થઈ ઉઠેલી મહિલાઓ અને ખાસ કરીને યુવાન યુવતિઓએ ઓટોગ્રાફ અને ફોટોગ્રાફ માટે પડાપડી કરી મુકી હતી. મહિલાઓએ એક પછી એક ફરમાઈશો કરી હતી અને ધ્વનિતે પણ તેને પુરી પણ કરી હતી. મહિલાઓએ તેને ગીતો ગવડાવ્યા હતા તો ધ્વનિતે પણ મહિલાઓને આ ચૂંટણીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા ખાસ આગ્રહ કર્યો હતો.

જિલ્લાનો વતની છું...

● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રી પરેશ રાવલની સાથે ગાંધીનગર (દ)ના કર્મઠ આગેવાનો આ લોકસંપર્ક અભિયાનમાં જોડાયા હતા. શ્રી પરેશ રાવલે દશેલા ખાતે કાર્યકરોને તેમજ ગ્રામજનોને ટુકું સંબોધન કર્યું હતું. જેમાં તેઓ જિલ્લાના જ વતની હોવાનો દાવો કર્યો હતો.

ગાંધીનગર (દ)ની બેઠકના પ્રવાસ બાદ હવે તેઓ એકાદ દિવસમાં દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પણ આવો રાઉન્ડ યોજનાર છે.

શ્રી પરેશ રાવલે ઉમેદવારી નોંધાવતા પૂર્વે આ વિસ્તારની મુલાકાત લીધીહતી. આ વિસ્તારમાં તેમની પસંદગી સામે રોષ પણ વ્યકત થયો હતો. જો કે આજે શ્રી રાવલને સારો પ્રતિસાદ સાંપડયો હતો. તેમણે સાંજે ચિલોડા ખાતે પણ નાનકડી સભાને સંબોધન કર્યું હતું.

રગળપાટ...

● બીજા પાનાનું ચાલુ

શકશે એવું માનવું થોડું ભૂલભરેલું છે સિવાય કે મતદાનમાં બહુ મોટો સ્વીગ આવે. જો કે ૨૦૦૯માં ૨૬ જેવો વોટીગ શેર ધરાવતા ભાજપે એપ્રિલમાં થયેલા સર્વે મુજબ ૩૫ સુધીની છલાંગ લગાવી છે. મતલબ વોટશેર વધી રહ્યો છે તો પણ લગભગ બધા જ સર્વે જોતા સ્પષ્ટ દેખાઈ આવે છે કે ૨૭૨નો મેજિક ફિગર હજુ પણ થોડી ઘણી સીટો દુર છે. ને જો આવું થશે તો ફરી એક વાર કેન્દ્રમાં સરકાર રચવા ભાજપને ટેકો લેવો પડશે. એક શક્યતા એવી છે કે આ વખતે તામીલનાડુમાં જોરદાર દેખાવ કરવાની જેની શક્યતા જોવાઈ રહી છે એ જયલલિતા અને વેસ્ટ બેંગાલમાં લગભગ બધી જ પાર્ટીના સુપડા સાફ કરી શકે એમ છે એ મમતા આવા કપરા સમયે ભાજપની સાથે રહેશે. જયલલિતાને તામીલનાડુના હીતની જ ચિંતા છે અને ભૂતકાળમાં એ ભાજપની મિત્ર રહી ચુકી જ છે બિલકુલ એ જ રીતે મમતા પણ ૨૦૦૧ સુધી ભાજપનો સાથ દઈ ચૂકેલ છે અને પ્રાંતીય રાજકારણની આ બંને મહારાણીનો આ ચુંટણીમાં દેખાવ શાનદાર રહેવાનો છે જેનો સીધો લાભ એનડીએ સરકારને ટેકો આપીને બંને લઈ લેશે. જો એનડીએને સંપૂર્ણ બહુમતી ના મળે તો ભાજપ, જયલલિતા, મમતા કે ઈવન માયાવતીનો સાથ લઈને સરકાર બનાવતા જરાય વાર નહિ લગાડે ને આમેય માયા સાથે તો સયુંકત સરકારનો અનુભવ પણ છે જ. અમથુય રાજકારણ માં કોઈ કાયમી દુશ્મન કે દોસ્ત હોતા નથી ભલે ને અત્યારે બધા એકબીજાને ભરપેટ ભાંડતા હોય પણ સત્તા સામે દેખાશે ત્યારે અચૂક આ દુશ્મની દોસ્તીમાં બદલાઈ જશે જ અને પાછુ આ ત્રણેયને તો ક્યારેક ને ક્યારેક દોસ્તી રહેલી જ છે. એવું પણ બની શકે કે આ સિવાયના પણ કોઈ બીજા સાથી પક્ષો પણ જોડાય સરકારની રચનામાં. હવે લેખની શરૂઆતમાં લખેલા માર્ક તુલીના ક્વોટને આ માનુંનીઓના સરકારો ઉથલાવવા કે ટેકા આપવાના વખતે કરેલા નાટકોના સન્દર્ભમાં ફરીથી વાચી જુઓ, તાળો મળી જશે. જો સંપૂર્ણ બહુમતી નહિ મળે તો ચોક્કસપણે સાથીપક્ષોને સાચવવું નરેન્દ્ર મોદી માટે અઘરું તો રહેશે જ, પણ આ તો થઈ જો અને તો ની વાત. સર્વે ના આકડાઓ, સભાઓમાં ઉમટતી ભીડ, વિરોધીદળોમાં એક પ્રકારની નિષ્ક્રિયતા અને નિરાશા અને સમજુ બનેલા વોટરો ને ધ્યાનમાં રાખતા એક વાત સ્પષ્ટ છે કે આવનારી સરકાર યુપીએની તો નહિ જ હોય પણ જે પણ હશે એ સંપૂર્ણ બહુમતિવાળી પણ નહિ હોય. આપણે એવું ઈચ્છીએ કે ૧૬મી મેં એ મતપેટીઓ ખુલે ત્યારે આપણને બહુમતવાળી સરકાર મળે અને આપણા પર છેલ્લા ત્રીસેક વર્ષોથી લંગડાતી / ટેકાટેકીવાળી કે અસ્થીર સરકારોને ચૂંટવાનું જે મહેણું છે તે દુર થાય અને એક સ્થિર અને સશક્ત સરકાર મળે!!!

વિસામો -

૩૦ મી એપ્રિલે ફિલ્મ,પીકનીક કે રજાની મજા પછી... મતદાન પહેલા!!!